# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

રેફ નં. તા: ૪/૮/૨૦૨૧

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા જ્વેલર્સની અવેરનેસ માટે 'નવી હોલમાર્કીંગ પોલિસીઝ સંબંધિત ઇશ્યુજ અને ગાઇડલાઇન્સ' સંદર્ભે સેમિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૪ ઓગષ્ટ ૨૦૨૧ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે 'ઇશ્યુજ એન્ડ ગાઇડલાઇન્સ રિગાર્ડીંગ ન્યુ હોલમાર્કીંગ પોલિસીઝ' વિષય ઉપર સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભારત સરકારની મિનિસ્ટ્રી ઓફ કન્ઝ્યુમર અફેર્સ, ફૂડ એન્ડ પબ્લીક ડિસ્ટ્રીબ્યુશનના બ્યુરો ઓફ ઇન્ડિયા સ્ટાન્ડર્ડ્સના વૈજ્ઞાનિક – 'ઇ' એન્ડ હેડ એસ.કે. સિંહે જ્વેલર્સને ૧૬ જૂન ૨૦૨૧થી અમલી થયેલી નવી હોલમાર્કીંગ પોલિસીઝ વિશે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

એસ.કે. સિંહે બી.આઇ.એસ. એક્ટ ૨૦૧૬ વિશે જણાવ્યું હતું કે, જેઓ જ્વેલરી વેચે છે અને જેઓ જ્વેલરી બનાવે છે તેઓ બંનેનો જ્વેલર્સની કેટેગરીમાં સમાવેશ થાય છે. જ્વેલરી મેન્યુફેકચરીંગ અને સેલ કરનાર બંને જ્વેલર્સ કહેવાય છે. બીઆઇએસ રજિસ્ટ્રેશન કરનાર જ્વેલર્સને જ સર્ટિફાઇડ જ્વેલર્સ કહેવામાં આવે છે. પહેલા ફિઝીકલ થતું બીઆઇએસ રજિસ્ટ્રેશન હવે ઓનલાઇન થઇ ગયું છે. ગોલ્ડ અને સિલ્વરમાં હોલમાર્કીંગ થતું હોવાથી તેમણે બધા જ્વેલર્સને બીઆઇએસ રજિસ્ટ્રેશન કરાવવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે બીઆઇએસ એક્ટ ૨૦૧૬ અંતર્ગત સેકશન ૧૪, સબ સેકશન ૫ અને ૬ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સેકશન ૧૫ – ૧ મુજબ બીઆઇએસ રજિસ્ટ્રેશન વગર જ્વેલર્સ કોઇપણ જ્વેલરીનું વેચાણ, સ્ટોર અને એકઝીબીટ નહીં કરી શકે.

જ્વેલર્સ ટેસ્ટીંગ બાદ પાસ થયેલી જ્વેલરી ઉપર જ હોલમાર્કીંગ લગાવી શકશે. બીઆઇએસ દ્વારા અધિકૃત કરાયેલા જ્વેલર્સ જ સર્ટિફાઇડ ગણાશે અને તેઓને પૂર્ણ પ્રોસિજર ફોલો કરવાની રહેશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૧૬ જૂન ૨૦૨૧થી અમલી થયેલી નવી હોલમાર્કીંગ પોલિસીઝમાં ગુજરાતના ૨૩ જિલ્લા મળી દેશના ૨૫૬ જિલ્લાઓમાં ગોલ્ડ ઉપર હોલમાર્કીંગ ફરજિયાત કરવામાં આવ્યું છે. જો કે નિર્યાત માટે, ૨ ગ્રામથી ઓછા વજનવાળા આર્ટિકલ્સ ઉપર અને ડોમેસ્ટીક એકઝીબીશનોમાં બીટુબી માટે ગોલ્ડ ઉપર હોલમાર્કીંગ ફરજિયાત કરવામાં આવ્યું નથી. ગોલ્ડ ઉપર હોલમાર્કીંગ કેવી રીતે કરવામાં આવે છે તે વિશે પણ તેમણે જ્વેલર્સને વિસ્તૃત સમજણ આપી હતી.

તેમણે કહયું કે, રૂપિયા ૪૦ લાખથી ઓછા ટર્નઓવરવાળાને હોલમાર્કીંગવાળી જ્વેલરી વેચવી હશે તો તેના માટે ઓનલાઇન બીઆઇએસ રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. જ્વેલર રજિસ્ટ્રેશન પ્રોસેસ માટે કયા – કયા ડોકયુમેન્ટ્સ જોઇએ તેના વિશે માહિતી આપી હતી. સાથે જ ગોલ્ડ અને સિલ્વરના કોમ્બીનેશન વિશે પણ ચર્ચા કરી હતી. તેમણે www.manakonline.in ઉપર ઓનલાઇન બીઆઇએસ રજિસ્ટ્રેશન કરાવવા માટે જ્વેલર્સને અનુરોધ કરી લાઇવ ડેમોન્સ્ટ્રેશન થકી રજિસ્ટ્રેશન કરવાની સમજણ આપી હતી.

ચેમ્બરના પ્રમુખ આશિષ ગુજરાતીએ સેમિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની જેમ એન્ડ જ્વેલરી કમિટીના ચેરમેન નૈનેશ પચ્ચીગરે કાર્યક્રમની રૂપરેખા આપી હતી. સેમિનારમાં એસ.કે. સિંહે જ્વેલર્સ દ્વારા પુછવામાં આવેલા તમામ સવાલોના જવાબ આપ્યા હતા. અંતે ચેમ્બરના માનદ્ મંત્રી દીપકકુમાર શેઠવાલાએ સર્વેનો આભાર માની સેમિનારનું સમાપન કર્યું હતું.